૮૮૧-૧૨

# મનઘડત તથા બનાવટી રિવાયતો


સંપાદક : ખલીફાએ તાજુશ્શરીઅહ **હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી**-સેગવા

(હાલ : શિકાગો–યુ.એસ.એ)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૪૪ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦
૧૫–શા'બાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૭ સપ્ટેમ્બર–૨૦૦૬


**ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !**


નૂરાની આર્ટ-દયાદરા : ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬




## કર દો આક઼ા કરમ.......

કર દો આક઼ા કરમ કર દો આક઼ા કરમ
લબ પે જારી સદા કર દો આક઼ા કરમ
કેહ રહા હે જહાં હૂં ગદાએ નબી
રખલો દાતા ભરમ કર દો આક઼ા કરમ
જિસ તરહ આપને દી યહાં પર ખુશી
હશ્ર મેં ભી મિલે કર દો આક઼ા કરમ
દર પે પહુંચા તો દિલને કહા બર મલા
માફ હો સબ ખતા કર દો આક઼ા કરમ
કિસ કી જાનિબ ચલૂં કિસ કા મુંહ મૈં તકૂં
છોળ કર યે જગહ કર દો આક઼ા કરમ
હાઝરી કે લિયે કિતને બેચૈન હૈં
ઈઝ્ને તયબહ મિલે કર દો આક઼ા કરમ
આપ હાઝિર ભી હૈં આપ નાઝિર ભી હૈં
ઈક નઝર સૂએ માં કર દો આક઼ા કરમ
આજ તયબહ કા રાહી બના હી દિયા
ખુલ્દ કા ભી બનૂં કર દો આક઼ા કરમ
મર્ઝે ઈસ્યાં સે અબ તો મૈં ચૂર હુવા
દે દો કામિલ શિફા કર દો આક઼ા કરમ
કૌન દેતા હૈ દેને કો મુંહ ચાહિયે
હાથ ફૈલા દિયા કર દો આક઼ા કરમ
સાઈલે દર હુવા **‘શાકિરે’** બે નવાં
ઈલ્મ નાફેઅ અતા કર દો આક઼ા કરમ
જાલિયોં કે કરીબ **‘શાકિરે’** ખુશ નસીબ
આંખ કરલી હૈં નમ કર દો આક઼ા કરમ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

વર્તમાનકાળમાં ઘણા જાહિલ મુકર્રિરો તથા જાહિલ પીરો કોઈકની સાંભળેલી અથવા કોઈ અવિ□સનીય કિતાબમાં વાંચીને તકરીરમાં રંગ જમાવવા, લોકોમાં છાપ જમાવવા તથા અજ્ઞાનતામાં મનઘડત રિવાયતો તેમજ હિકાયતો બયાન કરતા હોય છે અને ગલત માન્યતાઓના લોકો શિકાર બનતા બનાવતા હોય છે.

હદ તો એ છે કે એવા લોકોને કુર્આન, હદીષ તથા ઉલમાના કૌલ થકી તેમની વાત ગલત છે એવું દર્શાવી સ્પષ્ટ કરવામાં આવે છતાં અડી પકડીને બેસી રહી ગુમરાહીની ખાઈમાં ઔર ઊંડે ઉતરતા જાય છે પણ તૌબાની તૌફીક તેમને નથી થતી !

એવી જ કેટલીક મનઘડત, બનાવટી રિવાયતોમાંની એક અત્રે રજૂ કરું છું જે મેં મારા કાનોથી સાંભળી અને જે તે મુકર્રિર મોલ્વીને તેની રદ આ સાથે નીચે જણાવ્યા પ્રમાણે સ્પષ્ટતા કરી છતાં તેમણે તૌબા ન કરી, ન એ રિવાયત ગલત હતી તેનું એલાન કર્યું. જેથી મુસ્લિમ કૌમ સત્ય શું છે તે સમજે અને ગુમરાહીથી બચે એટલા માટે અત્રે એ બનાવટી રિવાયત રજૂ કરું છે :–





## ★ મનઘડત રિવાયત ★

આજકાલ જે હાથી, ઘોડા, વાંદરા, બિલાડી છે તે પહેલાં ઈન્સાન હતાં ! જ્યારે એમણે અલ્લાહ તથા રસૂલની નાફર્માની કરી તો અલ્લાહ તઆલાએ એમને જાનવર બનાવી દીધાં ! જે જાનવરો તમે જોઈ રહ્યા છો ! તે પહેલાં ઈન્સાન હતાં ઈન્સાન ! વગેરે....

ખુલાસો : આ રિવાયત **તદ્દન બનાવટી** છે એની કોઈ અસલ (દલીલ) નથી. હદીષ શરીફમાં છે કે એક શખ્સે આપ ﷺ થી અર્ઝ કરી કે વાનર (વાંદરો), સુવ્વર મન્સૂખ (જેમના ઉપર અઝાબ આવ્યો હતો)માંથી છે ? તો આપ ﷺ એ ફર્માવ્યું, ના ! આ તે કૌમ નથી બલ્કે આ નસલ તો પહેલાંથી મૌજૂદ હતી. અને જે કૌમ પર અલ્લાહનો અઝાબ આવ્યો અને એમને મસ્ખ (વાનર વગેરે) કરી દેવામાં આવ્યા હતા. એમનાથી નસ્લ (વંશ) ચાલી નથી. *(હયાતુલ હૈવાન, ભાગ–૨, પેજ–૬૧૧, અઝ : અલ્લામા કમાલુદ્દીન દમીરી)*

જુઓ ! કુર્આને પાકની સૂરએ બકરહ, આયત નં. ૬૫ : فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِئِيْنَ ''તો અમે કહ્યું કે ધુતકારેલા વાનર બની જાવ !''

આ આયતની તફસીરમાં અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી ફર્માવે છે, શહેર ઈલામાં બની ઈસ્રાઈલ વસતા હતા. એમને શનિવારે શિકાર કરવાનો હુકમ ન હતો પરંતુ એમણે શિકાર કર્યો. ચાલીસ અથવા સિત્તેર વર્ષ નાફર્માની કરી શનિવારે શિકાર કરતા. જ્યારે દાઊદ عليه السلام ની નુબુવ્વતનો દૌર આવ્યો તો આપે રોક્યા કે આવાં કાર્યો ન કરો પણ તેઓ રોકાયા નહીં. આપે અલ્લાહની બારગાહમાં દુઆ ફર્માવી તો અલ્લાહ

તઆલાએ એમને વાનર બનાવી દીધા.

અક્કલ તો હતી પણ બોલી શક્તા ન હતા. પોતાની હાલત પર રડતાં રડતાં ત્રણ દિવસમાં હલાક થઈ ગયા. એમની નસલ (અવલાદ) બાકી નથી રહી. આ સિત્તેર હજાર જેટલા હતા. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

આથી સાબિત થયું કે ઉપરોક્ત રિવાયત બનાવટી છે અને આજકાલ જે સુવર, વાનર વગેરે છે તે પહેલાંથી હતા અને જેમના પર અઝાબ આવ્યો હતો તે નથી અને ન એમની ઔલાદ છે.

આ વિષયે વધુ જાણકારી માટે હઝરત મૌલાના કૌષર ઈમામ કાદરી (દા.ઉ. કુદૂસિયહ્ અહલે સુન્નત ફખ્રુલ ઉલૂમ મહરાજગંજ, યુ.પી.)નો લેખ આપની સમક્ષ રજૂ કરું છું. ઉમ્મીદ છે ઘણી ગલત રિવાયતોની ગુમરાહીથી, લોકો બચી શક્શે અને રાહેરાસ્ત પામશે. (ઈન્શાઅલ્લાહ !)

★ ★ ★

દીન તથા મઝહબની તબ્લીગ માટે તકરીર અને તહરીર ઘણો જૂનો ફાયદાકારક વસીલો છે, અંબિયાએ કિરામ તથા રસૂલાને ઈઝામે તકરીર તથા ખિતાબથી તબ્લીગી ફર્ઝને પૂરો પાડયો. અલ્લાહના પ્યારા નબી મુહમ્મદ ﷺ એ પોતાના બયાનથી જ કુફ્ર તથા શિર્કની દુનિયામાં ઈન્કિલાબ પૈદા કર્યો તો થોડાક સમયમાં મૂર્તિપૂજાના રણોમાં અલ્લાહ તઆલાની તૌહીદનો લીલોછમ ગુલશન ખીલી ઉઠયો.

તકરીર તથા બયાનથી તબ્લીગ, તા'લીમ, સમાજની ઈસ્લાહ મઝહબનો પ્રચાર તથા સૂતેલી કૌમમાં જાગૃતિની રૂહ





ફૂંકવા માટે મજલિસો મેહફિલો કાયમ કરવાનો રિવાજ પૂરાણા જમાનાથી ચાલી આવ્યો છે અને દિવસે દિવસે પ્રગતિ પર છે. આવી મેહફિલોની મહત્વતા તથા ફાયદાઓ પર દેશના નામવર અક્લમંદ કલમકાર અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી مدظلہ العالی લખે છે :–

''મઝહબી મેહફિલો તથા પ્રસંગોને કાયમ કરવાનો રિવાજ દરેક (દૌરમાં) અલગ અલગ પ્રકારથી થતો આવ્યો છે આજે પણ આ ખૈર તથા બરકતનો સિલસિલો ચાલુ છે અને વધારે પ્રગતિ પર છે. દીની જલ્સાઓ હિંદ તથા પાક.માં ઘણા શોખથી થાય છે. દરેક જગ્યાએ દરેક મોસમમાં થાય છે અને હજારો મુસલમાનો એનાથી ફયૂઝ હાંસલ કરે છે આમ જનતાને આવા જલસાઓથી ખાસ દિલચસ્પી રહે છે, તથા તેઓ આ જલ્સાઓમાં હાજરી આપી ઘણી બધી દીનની વાતો સાંભળે છે અને મસ્અલાઓ તથા હુકમોથી બાખબર થાય છે પોતાના મઝહબ સાથે જોડાવાનો જઝબો એમના અંદર પૈદા થાય છે અને પોતાના ઉલમા તથા ખતીબોનાં બયાનોથી એમની રૂહાની પ્યાસ દૂર થાય છે. આ એવી સ્પષ્ટ વાતો છે જેના પર વધારે લખવાની જરૂરત નથી. આ જ જલ્સાઓ આમ જનતા સુધી પહોંચવાનો બેહતરીન વસીલો છે અને વર્ષોથી એમની હિદાયત તથા રહનુમાઈનો ફર્ઝ આ જ જલ્સાઓની મદદથી પૂરો કરવામાં આવે છે. *(જામે નૂર, ફેબ્રુઆરી–૨૦૦૪)*

પરંતુ આ મુબારક મેહફિલોમાં અમુક અયોગ્ય લોકોના આવવાથી પોતાના ફાયદાઓથી દૂર થઈ રહી છે અને તેનો અસલ મકસદ પણ ઘણે દૂર જઈ રહ્યો છે તેનો વકાર તથા પાકીઝગી ખરાબ થઈ રહી છે. તથા અક્લમંદોનું એક ગૃપ

જલ્સા જુલૂસના નામ પર ખર્ચને બેકાર ખ્યાલ કરે છે જે સો ટકા સહીહ છે.

મઝહબ તથા મિલ્લતનું દર્દ રાખનાર, કિતાબ તથા સુન્નત પર, મજબૂતીથી અમલ કરનાર ઈલ્મો હિકમતના શહનશાહો આ ફાની દુનિયાથી કૂચ કરી રહ્યા છે અને દુનિયાદારો, હવસ પરસ્ત (લાલચી) જાહિલ, બેલગામ લોકો ખિતાબતની કુર્સી અને રુશ્દો હિદાયતના અમીન બની ગયા ! અને ધીરે ધીરે આ અયોગ્ય લોકો આમ જનતાના દિલોમાં પોતાનો મુકામ તથા મર્તબો બનાવવામાં કામયાબ પણ થઈ ગયા. કુર્આન, સુન્નત, સહાબાનાં કથનો, અવલિયાના ઈર્શાદોની જગ્યાએ કિસ્સા કહાની, બનાવટી પ્રસંગો, મનઘડત રિવાયતોની બયાનબાઝીનો માહોલ બની ગયો.

આ ટૂંકા લેખમાં એ અમુક ફર્ઝી (બનાવટી) રિવાયતોની ઓળખ મકસદ છે જેને આપણા ખતીબો જલ્સાઓ તથા મેહફિલોમાં બેરોક ટોક બયાન કરે છે અને એવું વિચારે છે કે દીનની તબ્લીગીનો હક્ક અદા કરી દીધો !

જ્યારે કે મનઘડત રિવાયતો, ઘડેલા વાક્યાઓ, કિસ્સા કહાનીઓ વગેરેથી મજમાને હસાવવો અને તે પણ મિમ્બરે રસૂલ પરથી ! એ કેટલા અફસોસની વાત છે !

ઉલમાએ ઈસ્લામે તથા ફુકહાએ ઈઝામે જેવી રીતે જૂઠી રિવાયતોને બયાન કરવું હરામ બતાવ્યું છે તેવી રીતે એ વાત પણ સ્પષ્ટ કરી આપી કે ગૈર આલિમનું વાઈઝ તથા બયાન દુરુસ્ત નથી કારણ કે જાહિલ પોતાની જહાલતથી ઈસ્લામનો સહી પરીચય કરાવી શક્તો નથી.

હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદઅલી رحمۃ اللہ علیہ



મનઘડત તથા બનાવટી રિવાયતો

ફર્માવે છે :–

"વાઅઝ કરવા માટે ઈલ્મ જરૂરી છે, બેઈલ્મથી શી ઉમ્મીદ કે સહી મસાઈલ બયાન કરી શકે, સહી વાતને પણ ગલત તરીકાથી બયાન કરી ગલત બનાવી દેશે. પછી આવા લોકોની આદત હોય છે કે જ્યારે એમનાથી મસાઈલ પૂછવામાં આવે છે તો અમને ખબર નથી એવું પણ કહેશે નહીં ! કારણ કે એમાં પોતાનું હલકાપણુ સમજે છે અને લોકોની સમક્ષ અમારું બેઈલ્મ હોવું સ્પષ્ટ થઈ જશે ! એટલે ઉલ્ટુ સીધુ જે મનમાં આવે કહી દીધું ! જો એમને બયાન કરવાનો શોખ હોય તો પહેલાં ઈલ્મ હાંસલ કરે." *(ફતાવા અમજદિયહ્, ભાગ–૪, પેજ–૩૩)*

ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી ફર્માવે છે :–

"જો નામનો સનદ ધરાવતો આલિમ હોય પણ દીની માલૂમાત અને શરીઅતના હુકમો વિશે ખબર નથી રાખતો તો એને બયાન કરવું જાઈઝ નથી." *(ફતાવા ફૈઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૫૩૫)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જાહિલનું બયાન કરવું પણ ગુનોહ છે, બયાનમાં કુર્આન શરીફની તફસીર, રસૂલે પાક ﷺ ની હદીષ અથવા શરીઅતનો મસ્અલો અને જાહિલને એમાંથી કોઈ એકનું પણ બયાન જાઈઝ નથી. રસૂલે અકરમ ﷺ ફર્માવે છે :–

**قال فی القرآن بغیر علم فلیتبوا معقده من النار**

જે ઈલ્મ વગર કુર્આનની તફસીર બયાન કરે તે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લે." *(ફતાવા રઝવિય્યહ્ (તર્જુમા), ભાગ–૨૩, પેજ–૭૨૭)*

દર વર્ષે બે ચાર જલ્સાઓમાં હાજરી આપવાની થાય છે અને નવા નવા ખતીબોની નવી નવી વાતો તથા રિવાયતો સાંભળવા મળે છે, અમુક એવી તકરીરોથી પણ સામનો થાય છે જે બિલકુલ ઈલ્મ વગરની હોય છે. સાચુ ફર્માવ્યું અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી સાહબે કે; '' તકરીર તથા બયાનના વિષયો, એક વર્તુળમાં ચક્કર મારતા રહે છે અને ક્યાંક નુક્તાઓ તથા લતીફાઓ પર ધ્યાન આપવામાં આવે છે, ક્યાંક ગંભીરતા વિહોણો અંદાઝ અપનાવવામાં આવે છે જેનો મકસદ બધાને જ ખબર છે. વાત એટલે સુધી પહોંચી કે ગૈર ઈલ્મી તકરીરોનો રંગ જામવા લાગ્યો છે અને કદી કદી તો એવા વાક્યાઓ તથા મસ્અલા બયાન કરવામાં આવે છે જે સખ્ત શરઈ પકડ તથા વાંધાજનક છે.'' *(જામેનૂર, ફેબ્રુઆરી–૨૦૦૪)*

અમુક જલ્સાઓમાં ફકીરે (લેખકે) આપણા ખતીબો થકી જે દુર્લભ (જેનો પતો ન હોય) વાક્યાઓ સાંભળ્યા અથવા તકરીરોની કિતાબોમાં જે અનોખી રિવાયતો વાંચી એમાંથી અમુકની નોંધ કરતાં પહેલાં એ જણાવવું યોગ્ય સમજુ છું કે જૂઠી રિવાયતો વગેરેને બયાન કરવી, સાંભળવી, રદ વગર ઝિક્ર કરવી ખુલ્લમ ખુલ્લા નાજાઈઝ તથા હરામ છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''એવી જ રીતે બેઅસલ તથા જૂઠી રિવાયતોનો અભ્યાસ કરવો તથા સાંભળવું હરામ છે, જેના માટે ઉલ્માનાં કથનો તથા હદીષોથી નસ (દલીલ) સાબિત છે.''

વધુ ફર્માવે છે :–

''તે બાબતોને વાંચવી, સાંભળવી જે શરીઅતના વિરૂધ્ધ હોય નાજાઈઝ છે. દા.ત. જૂઠી રિવાયતો, જૂઠી ઘડેલી હિકાયતો





તથા એવા શેઅરો જે શરીઅત ખિલાફ હોય, ખાસ કરીને જેમાં અંબિયા તથા ફરિશ્તાઓની તૌહીન થાય કે આજકાલ જાહિલ શાઈરો (જાહિલ મુકર્રિરો)ના કલામમાં આ મોટી બલા વધુ પ્રમાણમાં છે, જ્યારે કે તે ખુલ્લુ કુફ્ર છે.''

વધુ ફર્માવે છે : ''જૂઠી રિવાયતો વાંચવી, સાંભળવી, આવી મેહફિલોથી અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નારાજ છે, આવી મજલિસો, એને પઢવાવાળા, જૂઠી રિવાયતોની ખબર છતાં હાજર થનારા સૌ અઝાબના હક્કદાર છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૩, પેજ–૭૩૪)*

હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે : ''એ લોકો જે મનઘડત જૂઠી રિવાયતો બકે છે જો કે તે પોતાને આલિમ બતાવે પણ તેઓ કદી પણ મિમ્બરના લાયક નથી અને એમની બયાન કરેલ રિવાયતોનું ઝિક્ર કરવું તથા સાંભળવું જાઈઝ નથી.'' *(ફતાવા મુસ્તફાઈય્યહ, પેજ–૪૩૭)*

## ★ મનઘડત રિવાયતો ★

આપણા અમુક ખતીબો ઘણા જોશ જઝબા સાથે નીચે મુજબની રિવાયતોને બયાન કરી લોકોથી વાહ વાહ હાંસલ કરે છે :–

૧. હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે શખ્સ નબી صلی اللہ علیہ وسلم ની મીલાદ શરીફ પઢવામાં એક દિરહમ ખર્ચ કરે તે જન્નતમાં મારી સાથે હશે.

૨. હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, જે શખ્સે હુઝૂર صلی اللہ علیہ وسلمની મીલાદની તા'ઝીમ કરી એણે ઈસ્લામને ઝિંદા કર્યો.

૩. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ફર્માવે છે : જેણે નબી صلی اللہ علیہ وسلم ની મીલાદ શરીફ પઢવામાં એક દિરહમ ખર્ચ કર્યો તો તે જાણે બદ્ર તથા હુનૈનના ગઝવામાં શરીક થયો.

૪. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, જે શખ્સે હુઝૂર صلی اللہ علیہ وسلم ની મીલાદની તા'ઝીમ કરી તથા મીલાદ પઢવાનો સબબ બન્યો તે દુનિયાથી ઈમાન સાથે જશે અને જન્નતમાં હિસાબ વગર દાખલ થશે.

(**નોંધ** : મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવી બેશક ! જાઈઝ તથા સવાબનો સબબ છે, પણ ચર્ચા કેવળ આ રિવાયતો વિશે જ છે કે એ કેવી છે ? *–પ્રકાશક*)

## ★ સત્યનો નિર્દેશ ★

કેટલાક કારણોથી આ રિવાયતોનું ફર્ઝી (મનઘડત) હોવું સાબિત છે.

**પ્રથમ કારણ** : ખુલ્ફાએ રાશિદીનની બધી જ રિવાયતો જે મોહદ્દિષોને મળી તે બધી જ રિવાયતો હદીષ તથા સીરતની કિતાબોમાં મૌજૂદ છે. દા.ત. મુસન્નફ ઈબ્ને અબ્દુર્રઝ્ઝાક, મુસન્નફ ઈબ્ને અબી શયબહ, મુસ્નદ ઈમામ અહમદ વગેરેમાં પણ આ રિવાયતોની કોઈ પણ જગ્યાએ ઝલક પણ નથી. ઝઈફથી ઝઈફ (કમજોર) રિવાયતોને ભેગી કરવામાં આવી છે. જો આ રિવાયતો ઝઈફ (કમજોર) પણ હોત તો હદીષના ઈમામો જરૂર એને બયાન કરતા.

આ પરથી ખબર પડી કે બધી હદીષ, સીરત તથા ઈતિહાસની કિતાબોમાંથી કોઈમાં પણ એનો ઉલ્લેખ ન હોવો એનું મનઘડત હોવાનું બતાવે છે.





**બીજુ કારણ** : મીલાદ શરીફ જાઈઝ હોવા તથા મુસ્તહસન હોવા પર ઘણી કિતાબો જૂના જમાનાના ઉલ્માથી લઈને હાલના મુહક્કિકોએ પણ લખી છે, ફતાવાઓ લખ્યા પણ આવી રિવાયતોને હાથ પણ ન લગાડયો. ઈમામ અહમદ રઝા બરેલ્વી, શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી, અલ્લામા યૂસુફ નબ્હાની, મુજદ્દિદ અલ્ફેષાની, મુલ્લા અલી કારી, અલ્લામા સયૂતી તથા અન્ય અનેક ઈલ્મો હિકમતના શહેનશાહોથી આ રિવાયતોનું છુપાયેલું રહેવું પણ એના મનઘડત (જૂઠી) હોવાની ઓળખ છે.

**ત્રીજુ કારણ** : સહાબાએ કિરામના સમયમાં આજકાલ જેવી મેહફિલો તથા મજલિસો કાયમ ન થતી જેમાં દિરહમો દીનાર ખર્ચ કરવાની જરૂરી પડતી હોય એટલે એ સમયે આ હઝરાતનું આવું બયાન અક્કલથી દૂર છે.

**ચોથુ કારણ** : જે કિતાબમાં આવી રિવાયતો તથા બુઝુર્ગોનાં કથનો લખેલાં છે એનુ નામ ''નેઅમતુલ કુબરા અલલ આલમ મૌલુદે સૈયદ વુલ્દે આદમ'' લેખક અલ્લામા ઈબ્ને હજર અલ મક્કી (વફાત : ૯૪૭) અને આ એક જૂઠી મનઘડત કિતાબ છે એટલે કે અલ્લામા ઈબ્ને હજરે આ નામથી જે કિતાબ પોતે લખી છે તેનો ખુલાસો હઝરત અલ્લામા યૂસુફ નબ્હાનીએ પોતાની કિતાબ, ''જવાહિરુલ બિહાર''ના ત્રીજા ભાગમાં પેજ ૩૨૮થી પેજ ૩૩૭ સુધી લખ્યો છે પણ એમાં ઉપરોક્ત રિવાયતોનો કોઈ પતો નથી.

સાથે સાથે હઝરત ઈબ્ને હજરની કિતાબ ''નેઅમતુલ કુબરા''ની સમજૂતી હઝરત સૈયદ અહમદ અલ્લામા શામીએ કરી જેના ઘણા પ્રકરણો અલ્લામા યૂસુફ નબ્હાનીએ જવાહિરુલ

બિહારમાં લખેલાં પણ એમાં આ રિવાયતો નથી.

આ બધાં કારણોસર હઝરત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી ફર્માવે છે :–

"આથી આ પરિણામ કાઢવામાં કોઈ વાંધો નથી કે આ એક બનાવટી કિતાબ છે જેને અલ્લામા ઈબ્ને હજર તરફ નિસ્બત કરી દેવામાં આવી છે." *(માહનામા અશરફિયા–મુબારકપુર, નવેમ્બર–૧૯૯૧)*

## ★ મનઘડત રિવાયત ★

**(૫)** હુઝૂર સૈયદુના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના એક મુરીદનો ઈન્તેકાલ થયો. મરનારના છોકરાએ સરકાર ગૌષ પાકની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, મારા વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો. સરકાર ગૌષે પાકને રહમ આવી ગઈ. આપે હઝરત ઈઝરાઈલને મુરાકેબા કરી પૂછયું, શું તમે અમારા મુરીદની રૂહ કબ્ઝ કરી છે ? ફરિશ્તાએ હા માં જવાબ આપ્યો. આપે ફર્માવ્યું, એને છોડી દે ! ફરિશ્તાએ કહ્યું, મેં અલ્લાહના હુકમથી રૂહ કબ્ઝ કરી છે ! આથી ઝઘડો થયો અને સરકાર ગૌષ પાકે ફરિશ્તાને તમાચો માર્યો તો એની આંખ નીકળી ગઈ ! આપે (ગૌષે આ'ઝમે) એનુ ઝંબીલ (ટોકડી) લઈ એ દિવસની જેટલી રૂહો કબ્ઝ થઈ હતી બધાને છોડી આપી. હઝરત ઈઝરાઈલે અલ્લાહ તઆલાની બારગાહમાં શિકાયત કરી તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા મહબૂબે આવું કર્યુ ! કશો વાંધો નહીં !

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યાના મનઘડત હોવાનું કારણ એ છે કે એમાં એક ખતરનાક કુફ્રની નિસ્બત હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ તરફ છે





જેનાથી આપનો દામન પાક છે. એની તફસીલ એ કે હઝરત ઈઝરાઈલ علیہ السلام ખાસ ફરિશ્તાઓમાંથી છે એ ફરિશ્તાઓમાંથી જે મુર્સલીન (રસૂલો) તથા મુકર્રબીન છે અને ઉમ્મતે મુસ્લિમાની એ વાત પર એકમતી છે કે મુર્સલીન (રસૂલ) ફરિશ્તાઓ ગૈર નબી ઈન્સાનોથી અફઝલ તથા આ'લા છે. એ પણ સાબિત છે કે દરેક રસૂલ તથા નબીની તા'ઝીમ મુસલમાનો પર લાઝિમ છે, થોડી પણ ગુસ્તાખી કુફ્ર છે. ગૈર નબી તથા ગૈર રસૂલનું કોઈ નબી તથા રસૂલને તમાચો મારવું એ ગુસ્તાખી તથા બેઅદબી છે જે કુફ્ર છે. જો આ વાક્યાને સહી માની લેવામાં આવે તો સાબિત થશે કે ગૌષે આ'ઝમે રસૂલ ફરિશ્તાની તા'ઝીમ ન કરી બલ્કે એમની શાનમાં બેઅદબી તથા ગુસ્તાખી કરી ! જ્યારે કે આ બધી વસ્તુથી સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો દામન પાક છે. તો બેશક ! આ રિવાયત મનઘડત છે.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

આ રિવાયત ઈબ્લીસની બનાવેલી છે, એનું વાંચવું, સાંભળવું બંનેવ હરામ, બેવકૂફ જાહિલે એ ન જાણ્યું કે એમાં હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની સખ્ત સખ્ત તૌહીન કરી રહ્યો છે ! કોઈ આલિમ મુસલમાનની આથી વધુ તૌહીન શી હશે કે મઆઝલ્લાહ ! એને કુફ્ર તરફ નિસ્બત કરવામાં આવે. સૈયદુના ઈઝરાઈલ علیہ السلام રસૂલ ફરિશ્તાઓમાંથી છે અને રસૂલ ફરિશ્તા એકમતીથી ગૈર નબીથી અફઝલ છે. કોઈ રસૂલ સાથે આવી હરકત કરવી રસૂલની તૌહીનના કારણે એના માટે કુફ્રનો ઝરીયો છે. અલ્લાહ તઆલા જહાલત તથા ગુમરાહીથી બચાવે.

*(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૧૯૯)*

**★ મનઘડત રિવાયત ★**

**(૬)** હઝરત શમ્સ તબ્રેઝ رحمۃ اللہ علیہ એ એક મુડદા સામે ફર્માવ્યું **قم باذنی** મારા હુકમથી ઊભો થઈ જા ! આ સાંભળી મુડદુ જીવતુ થઈ ગયું ! વગેરે....

**★ સત્યનો નિર્દેશ ★**

આ વાત પણ મનઘડત છે. આ'લા હઝરત عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે :–

"હઝરત શમ્સ તબ્રેઝ قدس سرہٗ થી આ વાત સાબિત નથી."

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ–૧૯૬)*

**★ મનઘડત રિવાયત ★**

**(૮)** હઝરત હુસૈન ઈબ્ને મન્સૂર હલ્લાજે અનલ હક્કનો નાઅરો લગાડયો, હું હક્ક છું.

**★ સત્યનો નિર્દેશ ★**

આ વાક્યો અમુક અંશે સહી છે પણ લોકોએ એને બગાડીને ક્યાંથી ક્યાં પહોંચાડી આપ્યો. જે એમણે કહ્યું એનો ઉલ્ટો અર્થ સમજી બેઠા જેના કારણે એમને સૂળી પર ચઢાવી દેવામાં આવ્યા. આ'લા હઝરત عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે : એમની બહેન મોટા ઔલિયામાંથી હતા. દરરોજ રાતના અંતિમ પહોરે જંગલ તરફ ચાલી નીકળતાં અને અલ્લાહ તઆલાની ઈબાદતમાં મગ્ન થઈ જતાં. એક દિવસ હઝરત હુસૈન ઈબ્ને મન્સૂર رحمۃ اللہ علیہ ની આંખ ઉઘડી તો બહેનને ઘરમાં ન જોતાં શૈતાને શંકા આપી. બીજા દિવસે જાગતા રહ્યા અને જયારે એમનાં બહેન ટાઈમ પ્રમાણે ઉઠીને બહાર ચાલી નીકળ્યાં તો





આપ સંતાઈને એમનાં પાછળ ચાલવા લાગ્યા. જંગલમાં પહોંચીને તે બહેન ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયાં. આપ વૃક્ષોની પાછળ સંતાઈને જોતા રહ્યા. છેલ્લા પહોરે સવાર થવાની નજીકમાં એમણે જોયું કે આકાશથી સોનાની જંઝીરોમાં યાકૂતનો જામ ઉતર્યો અને એમની બહેનના મોઢા પાસે આવી ગયો. બહેને પીવાનું શરૂ કર્યું તો આપ બેચેન થઈને પુકારી ઉઠયા, બહેન ! તમને અલ્લાહ તઆલની કસમ ! મારા માટે થોડુ રહેવા દો ! એમણે પોતાના ભાઈ માટે એક ઘુંટ રહેવા દીધો જેને પીતાં જ એમને વૃક્ષો તથા પથ્થરોથી અવાજ આવવા લાગ્યો કે કોણ એનો વધારે હક્કદાર છે કે અમારી રાહમાં કત્લ કરવામાં આવે ! આપ એનો જવાબ આપતા, "અનલ અહક **انا الاحق**" "બેશક ! હું હક્કદાર છું." લોકોએ ઉલ્ટુ સાંભળ્યું અને જે મુકર્રર હતું તે થયું. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૧૯૭)*

આ પરથી જણાયું કે એમણે (હું હક્ક) **انا الحق** નથી કહ્યું બલ્કે **انا الاحق** (હું વધારે હક્કદાર) કહ્યું હતું, તે પણ સવાલના જવાબમાં કહ્યું હતું પરંતુ અમુક લોકોએ બીજુ સમજી લીધું અને આજે પણ તે જ બયાન કરવામાં આવે છે જે કોઈપણ રીતે સહી નથી.

**★ મનઘડત રિવાયત ★**

**(૮)** હુઝૂર صلی اللہ علیہ وسلم શબે મેઅરાજમાં અર્શે આ'ઝમ પર તશરીફ લઈ ગયા અને આપે નાલૈન ઉતારવાનું વિચાર્યું તો અલ્લાહ તઆલાએ હુકમ ફર્માવ્યો, નાલૈન પહેરીને તશ્રીફ લાવો જેથી અર્શે આ'ઝમને આપની નાલૈનથી નિસ્બત થઈ જાય... વગેરે.

★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત ગૈર મોઅતબર અમાન્ય છે તથા જૂઠી છે. હુઝૂર ﷺ નું નાલૈન પહેરી અર્શ પર તશરીફ લઈ જવું સાબિત નથી.

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :

"આ રિવાયત જૂઠી અને બનાવટી છે." *(અહકામે શરીઅત, ભાગ–૨, પેજ–૧૪૬)*

★ મનઘડત રિવાયત ★

**(૯)** હુઝૂર ﷺ એ મેઅરાજની રાતે બુરાક પર સવાર થતી વખતે અલ્લાહ તઆલાથી એ વાયદો લીધો કે કયામતના દિવસે જ્યારે બધા જ લોકો કબ્રોથી ઉઠશે તો દરેક શખ્સ માટે એની કબ્ર પાસે એક એક બુરાક અલ્લાહ તઆલા મોકલશે.

★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યો પણ બનાવટી છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ ફર્માવ્યું :–

"આ વાક્યો બેઅસલ (દલીલ વિનાનો) છે." *(અહકામે શરીઅત–૨, પેજ–૧૪૩)*

★ મનઘડત રિવાયત ★

**(૧૦)** ખાતૂને જન્નત હઝરત ફાતેમા رضی اللہ عنہا કયામતના દિવસે ઉઘાડા પગે ઉઘાડા માથે ઈમામ હસન તથા હુસૈનના ખૂન તથા ઝહેરવાળાં કપડાંઓ ખભા પર મૂકી હુઝૂર ﷺ ના મુબારક દાંતો જે ઓહદમાં શહીદ થયા હતા હાથોમાં લઈ ખુદાની બારગાહમાં હાજર થશે, અને અર્શનો પાયો પકડી





હલાવશે અને ખૂનના બદલામાં ઉમ્મતને બખ્શાવશે, વગેરે....

★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ બનાવટી છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

"આ બધું તદ્દન જૂઠ, આક્ષેપ તથા ગુસ્તાખી અને બેઅદબી છે." *(અહકામે શરીઅત, ભાગ–૨, પેજ–૧૪૫)*

★ મનઘડત રિવાયત ★

**(૧૧)** હઝરત ફાતેમા رضی اللہ عنہا નો જ્યારે ઈન્તેકાલ થયો તો હઝરત અલી, ઈમામ હુસૈન, હસન અને અબૂઝર ગફ્ફારીએ આપનો જનાઝો ઉઠાવ્યો. જ્યારે કબ્ર પાસે ગયા તો હઝરત અબૂઝર ગફ્ફારીએ કહ્યું કે, હે કબ્ર ! તને ખબર છે આ ફાતેમા બિન્તે રસૂલ, હઝરતે અલીની બીવી, હસનો હુસૈનની વાલિદા છે ? કબ્રથી અવાજ આવ્યો, હું હસબ નસબ (વંશ)ની જગ્યા નથી બલ્કે અમલની જગ્યા છું ! મારાથી એને જ નજાત મળશે જેના નેક અમલો તથા ખાલિસ અમલો વધારે હશે.

★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ગલત અને સહીહ હદીષોના વિરૂધ્ધ છે. સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલી قدس سرہ ફર્માવે છે :–

"આ રિવાયત સાબિત નથી બલ્કે એક હદીષની વિરૂધ્ધ છે. **كل نسب و صهر ينقطع الا نسبي و صهري** "દરેક હસબ નસબ (વંશ) ખત્મ થઈ જશે, પરંતુ મારો વંશ ખતમ થાય નહીં." આ હદીષને ઈમામોએ સાબિત રાખી છે અને એનાથી સનદ લીધી છે. *(ફતાવા અમજદિયહ, ભાગ–૪, પેજ–૨૧૪)*

### ★ મનઘડત રિવાયત ★

**(૧૨)** હઝરત નૂહ عليه السلام ની એક પુત્રી હતી. આપે ચાર માણસોથી એક એક શર્ત કરી કે જો તમે એને પૂરી કરો તો તમારાથી એની શાદી કરી આપું. એમણે પૂરી કરી આપી. હઝરત નૂહ عليه السلام પરેશાન થયા. ઈર્શાદે બારી થયો, ગભરાવ નહીં ! એક કૂતરી, એક વાંદરી, એક ગધેડી લાવી રૂમમાં બાંધી દો અને એના પર કલમો પઢો. હઝરત નૂહ عليه السلام એ એ પ્રમાણે કર્યું તો એ બધાં જાનવર છોકરી બની ગયાં. ત્યારે આપે એ બધાની શાદી પેલા લોકો સાથે કરી આપી.

### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ઉઘાડી જૂઠી છે. હઝરત સદરુશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

"આ બનાવટી જૂઠી વાત છે, જેનો કોઈ પતો નથી. એનું બયાન કરવું જાઈઝ નથી." *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૫૧)*

### ★ મનઘડત રિવાયત ★

**(૧૩)** શબે મેઅરાજ સિંહની શકલમાં હઝરત અલી کرم الله تعالى وجهه الكريم ને આપ صلى الله عليه وسلم એ જોયા તો પોતાની અંગૂઠી આપી. જ્યારે આપ અલ્લાહ તઆલાના ખાસ કુર્બ (નજીક)માં તશરીફ લઈ ગયા તો અર્ઝ કરી, મને ભૂખ લાગી છે તો અલ્લાહ તઆલાએ આપને દૂધ અને ચાવલ અતા કર્યા. તો આપે અર્ઝ કરી, હું એકલો ખાવાનો નથી ! તો ગૈબથી એક હાથ જાહેર થયો જેની આંગળીમાં તે અંગૂઠી હતી. તો આપે જાણી લીધું કે આ હઝરત અલીનો હાથ છે.





### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ બનાવટી અને જૂઠી છે, કોઈપણ વિશ્વાસપાત્ર કિતાબથી સાબિત નથી કે રસ્તામાં હઝરત અલી જાનવર બની હુઝૂર صلى الله عليه وسلم થી મળ્યા. અને આ પણ કેવી આશ્ચર્યજનક વાત કે એક માણસ મહેમાન જાય અને જતાંની સાથે ભૂખની શિકાયત કરવા લાગે ! આ વાક્યાના ગલત હોવા તરફ ઈશારો કરતાં સદરુશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે :

"આ રિવાયત કોઈપણ મોઅતબર (વિ□ાસુ) કિતાબમાં આંખોથી ગુઝરી નથી અને બનાવટી છે. *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૩૪૪)*

### ★ મનઘડત રિવાયત ★

**(૧૪)** હઝરત ઉમર رضى الله عنه ના સાહબઝાદા હઝરત અબૂ શહમા رضى الله عنه એ શરાબ પીધા બાદ ઝિના કર્યો જેથી સ્ત્રીને ગર્ભ રહી ગયો. જ્યારે હઝરત ઉમર رضى الله عنه ને ખબર થઈ તો આપે એમને સજા આપી. પચાસ સાઈઠ કોરડા પછી એમનો ઈન્તેકાલ થઈ ગયો. પછી બાકી સજા કબ્ર પર પૂરી કરવામાં આવી. આ રીતે હઝરત ઉમર رضى الله عنه એ અદલો ઈન્સાફ દેખાડયો....વગેરે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યો પણ જૂઠો છે. "મજમઉલ બહહાર"માં એનો રદિયો કરતાં લેખક ફર્માવે છે :–

**ابی شحمة رضی الله عنه ولد عمر زناه واقامة عمر**

**علیه الحد و موته بطوله لا یصح بل و ضعه القصاص**

અબૂ શહમા હઝરત ઉમરના સાહબઝાદાનું ઝિના કરવું અને હઝરત ઉમરનું એમના ઉપર સજા (હદ) કાયમ કરવું તથા એમનું મરણ પામવું લાંબી કહાની સાથે સહી નથી બલ્કે ખતીબોએ બનાવી લીધેલું છે. *(માહનામા અશ્રફિયા, ૧૯૯૩)*

**★ મનઘડત રિવાયત ★**

**(૧૫)** હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ની બીવી હઝરત જઅદા બિન્તે અશ્અતે બીજાના ચઢાવવાથી હઝરત ઈમામ હસન رضی اللہ عنہને ઝેર આપી દીધું.

**★ સત્યનો નિર્દેશ ★**

આ કહાની પણ બિલકુલ જૂઠી છે, એનું કારણ એ છે કે ઝેર આપ્યા બાદ કોઈ પણ સહાબીને એટલે સુધી કે આપના ઘરવાળાંઓમાંથી પણ કોઈને એનો ઈલ્મ ન થયો. બીજું કારણ એ કે એનાથી લાઝિમ થાય છે કે હઝરતની બીવીએ બીજા સાથે તાલ્લુક રાખ્યો અને ઈમામને એની કશી પણ ખબર ન થઈ! આપની શાન આનાથી ઉચ્ચ છે. હઝરત મુફતી જલાલુદ્દીન અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

ઈતિહાસ બયાન કરનારાઓએ ઝેર આપવાની નિસ્બત હઝરત જઅદા તરફ કરી છે અને એને હઝરતની બીવી બતાવી. પરંતુ સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

આ રિવાયતની કોઈ સનદ મળતી નથી અને કોઈ સનદ વગર કોઈ મુસલમાન પર કતલનો ઈલ્ઝામ અને આવા મોટા કતલનો ઈલ્ઝામ કોઈ પણ રીતે જાઈઝ નથી. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૦૬)* આથી માલૂમ થયું કે આ





રિવાયતથી બચવું બેહતર છે.

**★ મનઘડત રિવાયત ★**

**(૧૬)** ગૌષે આઝમ رضی اللہ عنہનો ધોબી મરી ગયો. કબ્રમાં મુન્કર નકીર તશરીફ લાવ્યા. ફરિશ્તાઓએ સવાલ કર્યો કે તારો રબ કોણ? એણે કહ્યું, ''ગૌષ પાક رضی اللہ عنہનો ધોબી છું!'' આવી જ રીતે દરેક સવાલના જવાબમાં એણે આ પ્રમાણે કહ્યું. પછી ફરિશ્તા એને છોડીને ચાલ્યા ગયા.

**★ સત્યનો નિર્દેશ ★**

આ રિવાયત જો કે અમુક દેવબંદીઓએ પણ પોતાની કિતાબમાં લખી છે, પરંતુ બેઅસલ બનાવટી છે એટલે એને બયાન કરવામાં ન આવે. હઝરત મુફતી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''આ રિવાયત બેઅસલ છે એને બયાન કરવી સહી નથી. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૪૧)*

**★ મનઘડત રિવાયત ★**

**(૧૭)** હારૂત મારૂત બે ફરિશ્તા છે જેમણે શરાબ પીને વ્યભિચાર કર્યો, કતલ કર્યું તો અલ્લાહ તઆલાએ એમને સજા કરી બાબિલના કૂવામાં ઉલ્ટા મોઢે લટકાવી દીધા.

આ રિવાયત પણ જૂઠી છે. આ'લા હઝરત علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :–

હારૂત મારૂતનો કિસ્સો જે રીતે અવામમાં પ્રખ્યાત છે ઈમામોનો એના પર સખ્ત ઈન્કાર છે. જેની તફસીલ ''શિફા શરીફ'' તથા એની શરહોમાં છે. ઈમામે અજલ કાઝી અયાઝે ફર્માવ્યું, هذه الاخبار من كتب اليهود و افترائهم આ ખબરો

યહૂદીઓની કિતાબો અને એમના જૂઠા કથનોથી છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૧૨, પેજ-૩)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૮)** રિવાયત છે કે સરકારે દો આલમ ﷺ સહાબાના મજમામાં બિરાજમાન હતા. એક અરબ જવાન રડતો રડતો આવ્યો તો આપે ફર્માવ્યું, કેમ રડે છે ?! અર્ઝ કરી, મારા બાપનો ઈન્તેકાલ થઈ ગયો છે અને કોઈ ગુસ્લ તથા કફન આપનાર નથી. સરકાર ﷺ એ હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને મોકલ્યા. આ બંનેવ મુડદા પાસે ગયા તો જોયું કે એ કાળા સુવ્વર જેવો છે. આ બંનેવે પાછા આવી રસૂલ ﷺની બારગાહમાં અર્ઝ કરી તો હુઝૂર ﷺ તશરીફ લઈ ગયા. એના જનાઝા પાસે દુઆ કરી તો મુડદું પોતાની અસ્લી હાલતમાં આવી ગયું. પછી નમાઝે જનાઝા બાદ દફન કરવા લાગ્યા તો પછી મુડદુ એવું જ બની ગયું. સરકાર ﷺએ પૂછયું, તારો બાપ શું અમલ કરતો હતો ? જુવાને કહ્યું, એ બેનમાઝી હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જુઓ ! બેનમાઝીની આ હાલત થાય છે !

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત તદ્દન જૂઠી બનાવટી છે. રદને પાત્ર છે. એના અમુક કારણો છે :

**૧.** એનાથી તો સાબિત થાય છે કે અમુક સહાબા નમાઝ છોડનાર હતા જ્યારે કે આ બિલકુલ જૂઠી છે.

**૨.** વળી જણાય છે કે બધા જ સહાબા આદિલ તથા ભરોસાપાત્ર નથી. જ્યારે કે તેઓ આદિલ તથા મોઅતબર હતા.

**૩.** વળી જાણવા મળે છે કે અમુક સહાબાથી અલ્લાહ તઆલા





નારાજ હતો. જ્યારે કે એ ગલત છે કારણ કે બધા જ સહાબાથી અલ્લાહ તઆલા અને એના રસૂલ રાજી તથા ખુશ હતા. કુર્આન શરીફમાં છે : **رضی اللہ عنہم و رضوا عنہ** "અલ્લાહ એમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી."

**૪.** જણાય છે કે હુઝૂર ﷺની દુઆથી પણ મુડદાને ફાયદો ન થયો ! જ્યારે કે એ ગલત છે. સરકાર ﷺ જેના માટે દુઆ કરે તો બેશક ! એને ફાયદો પહોંચે છે.

આ બધા કારણોથી આ રિવાયત ગલત તથા બનાવટી છે. આ રિવાયતને વર્ણન કર્યા પછી હઝરત સદરુશ્શરીઅહ્ علیہ الرحمۃ والرضوان ફર્માવે છે. આ રિવાયત મઝહબના ઉસૂલના વિરૂધ્ધ છે એટલે એતેબારના લાયક નથી. *(ફતાવા અમજદિયા, ભાગ-૧, પેજ-૪૫)*

## ★ મનઘડત રિવાયત ★

**(૧૯)** હઝરત ઐયૂબ علیہ الصلوٰۃ والسلام ને અલ્લાહ તઆલાએ ઈમ્તેહાનમાં મૂક્યા. એમને એવી બીમારી થઈ ગઈ કે આખુ શરીર મઆઝલ્લાહ ! કોઢ અથવા રક્તપિત અથવા એવા ઝખમ પડી ગયા કે એનાથી શરીરમાં કીડા પડી ગયા. આથી લોકો નફરત કરવા લાગ્યા. અને આપ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરતા રહ્યા... વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાત પણ બનાવટી છે, એમાં એક મોહતરમ નબી તરફ એવી બીમારીની નિસ્બત કરવામાં આવી છે જે નફરત લાવે છે. **અલ્લાહ તઆલા કોઈ પણ નબીને એવી બીમારીમાં મૂક્તો નથી જેનાથી લોકોને નફરત થાય.** કારણ કે જો

લોકો નફરત કરવા લાગે તો પછી કોઈ નજીક ન આવશે. અને જયારે કોઈ નજીક આવે નહીં તો તબ્લીગનો ફર્ઝ જે ઘણો મહત્વનો છે જેના માટે બંદાને નબુવ્વત તથા રિસાલતનો હોદો મળ્યો, તે અદા થશે નહીં. અને અસલ મકસદ જ પૂરો થાય નહીં. એટલે અંબિયાનું આવા કામોથી માસૂમ તથા પાક હોવું જરૂરી છે જે ધૃણા તથા નફરતનું કારણ બને. એટલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : હાં ! ગુનાહ નહીં બલ્કે દરેક એ વાતથી જે મખ્લૂકની નફરતનું કારણ બને, બદનામી, બેઈજજતી થાય ભલે ગુનાહ ન હોય. દા.ત. પાગલપન, કોઢ, રક્તપિત, વંશની બદ્નામી, બીબીઓનો વ્યભિચાર આ બધા જ અમલોથી પાક હોવું જરૂરી છે. *(અહકામે શરીઅત, હિસ્સા : ૩, પેજ : ૩૦૬)*

**★ મનઘડત રિવાયત ★**

**(૨૦)** હઝરત બિલાલ رضی اللہ عنہ અક્ષરોના સહી ઉચ્ચાર પર શક્તિમાન ન હતા. શીન شین અને સીન س માં ફર્ક કરી શક્તા ન હતા. એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ એ અલ્લાહના રસૂલ ﷺની બારગાહમાં શિકાયત કરી. હઝરત બિલાલને અઝાન આપવાથી રોકવામાં આવ્યા. એ દિવસે હઝરત બિલાલે ફજરની અઝાન ન આપી જેથી સવાર ન થઈ, સૂર્ય ન ઉગ્યો. હુઝૂરે દુઆ ફર્માવી તો હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા અને અર્ઝ કરી, જ્યાં સુધી બિલાલ અઝાન નહીં આપે ત્યાં સુધી સૂર્ય નહીં ઉગે ! પછી હઝરત બિલાલે અઝાન આપી તો સૂર્ય ઉગ્યો...... વગેરે.

**★ સત્યનો નિર્દેશ ★**

આ રિવાયત પણ હકીકતની વિરૂધ્ધ છે કારણ કે હઝરત





બિલાલ ઈસ્લામના પહેલા મોઅઝ્ઝિન છે. જો એમના અવાજમાં ઐબ, અક્ષરોના ઉચ્ચારમાં કમી હોત તો કોઈ પણ સંજોગોમાં આપણા આકા એમને મોઅઝ્ઝિન મુકર્રર ન કરતા. હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ અઝાનના વિશે ફર્માવ્યું :–

''હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જાવ ! બિલાલને અઝાન આપવાનુ કહો, કારણ કે એમનો અવાજ ઊંચો, નર્મ અને મીઠો છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૬૧૧)*

ફકીહે અસ્ર હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ ના લખાણથી પણ આ વાત સમજમાં આવે છે કે હઝરત બિલાલ સંપૂર્ણપણે હર્ફોના ઉચ્ચાર કરતા હતા. એમની અઝાનમાં કોઈ પણ પ્રકારનો ઐબ ન હતો. એટલે માલૂમ થયું કે આ રિવાયત મનઘડત તથા બનાવટી છે. ફકીહે અસ્રે પણ એના બનાવટી હોવાનો નિર્દેશ કર્યો છે.

**★ મનઘડત રિવાયત ★**

**(૨૧)** હઝરત સૈયદ શાહ અબ્દુર્રઝ્ઝાક હાંસવી رحمۃ اللہ علیہનો વાક્યો છે કે દસ મોહર્રમના દિવસે એક તાઝીયા સાથે ચાલવા લાગ્યા જે વણકરોનો હતો. અને બનાવટી કરબલામાં દફન કરવા માટે લોકો લઈ જઈ રહ્યા હતા. આપના કારણે અન્ય ખાદિમો તથા મુરીદો પણ સાથે બનાવટી કરબલા સુધી ગયા, મુરીદોએ પૂછયું તો ફર્માવ્યું કે મને તાઝીયાથી શું મતલબ ?! હું ઈમામ આલી મુકામને જોઈને સાથે ચાલવા લાગ્યો.

**(૨૨)** આજ બુઝુર્ગનો વાક્યો છે કે આશૂરાના દિવસે મસ્જિદમાં બેસી વુઝૂ બનાવી રહ્યા હતા. ટોપી મુબારક ફસીલ

(દીવાલ) પર મૂકી હતી અચાનક એવી જ હાલતમાં ઉઘાડા માથે નીચે તશરીફ લાવ્યા અને એક તાઝીયા સાથે થઈ ગયા. લોકોએ પૂછયું તો ફર્માવ્યું, હઝરત ફાતેમા رضی اللہ عنہا તશરીફ લાવેલ હતાં.

**★ સત્યનો નિર્દેશ ★**

આ બંનેવ રિવાયતો **બનાવટી** છે. તાઝીયા બનાવનારાઓએ ઘડી લીધી છે. એટલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

બંનેવ હિકાયતો **ગલત બેઅસલ** છે. તાઝીયાં બનાવનારાઓને કોઈ શરીઅતની દલીલ નથી મળતી, અને ન કોઈ મોઅતબર આલિમનું કથન મળે છે જેથી મજબૂર થઈને હિકાયત બનાવે છે. આવા જ પ્રકારની હિકાયત કોઈ શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ થી નકલ કરે છે, કોઈ મૌલાના શાહ અબ્દુલ મજીદથી નકલ કરે છે, કોઈ મારા દાદાજાનથી રિવાયત કરે છે, કોઈ ફઝલુર્રહમાનથી. અને બધી જ ગલત તથા બનાવટી છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૪, પેજ–૪૯૭)*

**★ મનઘડત રિવાયત ★**

**(૨૩)** હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم એ ઝબહથી પહેલાં પોતાના વાલિદ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم થી અર્ઝ કરી, મારા ઝબહ થવાની ખબર મારી માંને ન આપશો જેનો ગમ મારી માં સહન કરી શકશે નહીં, અને એમનું દિલ ફાટીને ટુકડે ટુકડા થઈ જશે.

**★ સત્યનો નિર્દેશ ★**

આ રિવાયત સહી નથી કારણ કે એના વિરૂધ્ધ કિતાબોથી





સાબિત છે. તફસીરે કબીરમાં છે :–

**اقرأ على امى سلامى و ان رأيت ان ترد قميصى على اقرأ على امى سلامى و ان رأيت** –*(તફસીરે કબીર, ભાગ–૯, પેજ–૩૫૧)*

એટલે કે તમો જ્યારે મારી માં પાસે જાઓ તો મારા સલામ અર્ઝ કરશો અને જો મારી કમીઝ મારી માં પાસે લઈ જવા માંગતા હોઉ તો લઈ જશો જેથી એમને તસલ્લી થશે.

હઝરત મુફતી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ (ઉપરોક્ત) વાત સાચી છે. વધુમાં ફર્માવ્યું : " મારા ઝબહ થવાની ખબર મારી માંને ન આપશો" સહી નથી અને આ જ કયાસના યોગ્ય છે. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૪૧૬)*

**★ મનઘડત રિવાયત ★**

**(૨૪)** હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم એ અર્ઝ કરી, અબ્બા હુઝૂર ! તમે પોતાની આંખો પર પટ્ટી બાંધી લો ! ક્યાંક એવું ન થાય કે તમારા હાથ મારી મહોબ્બતના કારણે થોભી જાય.

**★ સત્યનો નિર્દેશ ★**

આ પણ દુરૂસ્ત નથી, બલ્કે તફસીરે કબીરમાં છે :–

**قال كبنى على وجهى فانك اذنظرت وجهى رحمتنى وادركتك رقة**

હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم એ પોતાના વાલિદથી અર્ઝ કરી, આપ મને ઊંધો સૂવડાવી દો જેથી તમો મારા મોઢાને ન જોઈ શકો જેથી તમને રહમ ન આવે. આપ પર ધ્રુજારી ન છવાઈ.

મુફતી જલાલુદ્દીન સાહબે પણ એનું સમર્થન કર્યું. આથી ખબર પડી કે આંખો પર પટ્ટી બાંધવાની વાત સહી નથી.

## ★ મનઘડત રિવાયત ★

**(૨૫)** એક વખત રસૂલુલ્લાહ ﷺ એ હઝરત જિબ્રઈલ علیہ السلام ને પૂછયું, તમે વહી ક્યાંથી લાવો છો ? અને કેવી રીતે લાવો છો ? આપે અર્ઝ કરી, એક પર્દા પાછળથી અવાજ આવે છે. સરકારે અકદસ ﷺ એ પૂછયું, પર્દા પાછળ શું છે ?! આપે કહ્યું, મેં જોયું નથી ! હુકમ થયો, જાવ અને જુઓ ! જોઈને પાછા આવ્યા અને બતાવ્યું કે પર્દા પાછળ તો પોતે હુઝૂર હાજર છે અને માથા પર અમામો બાંધેલ છે, સામે આઈનો છે અને ફર્માવી રહ્યા છે, મારા બંદાને આવી હિદાયત કરજો... વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત **તદ્દન ગલત** તથા એના શબ્દો સ્પષ્ટ **કુફ્રી** છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ રિવાયત જૂઠી, ગલત તથા બેકાર છે અને **બયાન કરનાર શૈતાનનો ચેલો** છે અને જો આ રિવાયતના શબ્દોનો એતેકાદ રાખતો હોય તો **ખુલ્લુ કુફ્ર** છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૪, પેજ–૩૦૮)*

## ★ મનઘડત રિવાયત ★

**(૨૬)** આ'લા હઝરતની બારગાહમાં ક્રિકેટ રમવાવાળા આવ્યા એમાં એક સૈયદ સાહબ પણ હતા. આપનાથી કામ્યાબીની અરજ કરી, તો આપે એમને વઝીફો આપ્યો અને ફર્માવ્યું કે આવું કરશો તો ક્રિકેટમાં કામ્યાબ થશો....વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ **રિવાયત પણ સાચી નથી** કારણ કે ક્રિકેટ રમવું કોઈ સારું કામ નથી બલ્કે ફુકહા એને **મકરૂહ** ફર્માવે છે. ફતાવા





ફકીહે મિલ્લતમાં છે કે ક્રિકેટ ટુર્નામેન્ટ એમાં સમય બર્બાદ થાય છે, નમાઝથી ગાફિલ બનાવી આપે છે જેવું કે આજકાલ જોવા મળે છે. લોકો નમાઝ છોડીને એમાં હાજર થાય છે. તો આ **હરામ** છે. *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, પેજ–૩૩૯)*

આ'લા હઝરત رضی اللہ عنہ એ દુર્રે મુખ્તારના હવાલાથી ફર્માવ્યું, દરેક ખેલ મકરૂહ છે એટલા માટે કે આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું, મુસલમાનનો દરેક ખેલ **હરામ** છે, ફક્ત ત્રણ સિવાય : (૧) પતિનું પત્ની સાથે ખેલ કરવું (૨) પોતાના ઘોડાને તા'લીમ શીખવાડવી (૩) કમાન સાથે તીરંદાઝી કરવી. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ભાગ–૧૨, પેજ–૮૭)*

જાણવા મળ્યું કે **ક્રિકેટ રમવું હરામ** કામ છે અને **એના માટે મદદ કરવી** પણ **હરામ** છે.

આ'લા હઝરત رضی اللہ عنہ દીનની તજદીદ તથા સુન્નતે રસૂલને ઝિંદા કરવા પેદા થયા હતા, એમની જાતથી ખેલકૂદનું સમર્થન કોઈ પણ રીતે કાબિલે કુબૂલ નથી, એટલે આ રિવાયત પણ બનાવટી છે.

## ★ મનઘડત રિવાયત ★

**(૨૭)** આ'લા હઝરત رحمۃ اللہ علیہ જુમ્આનો ખુત્બો આપી રહ્યા હતા તેવામાં હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ તશરીફ લાવ્યા. આ'લા હઝરતે ખુત્બો આપવાનું બંધ કરી મિમ્બરથી ઉતરી મુહદ્દિષે આ'ઝમને ગોદમાં ઉઠાવી લીધા અને આવી રીતે આપની તા'ઝીમ કરી.

## ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયતના બનાવટી હોવાનું પહેલું કારણ એ છે કે જો

આ રિવાયતને સાચી માની લેવામાં આવે તો લાઝિમ આવશે કે હઝરત મુહદ્દિષે આ'ઝમ નમાઝે જુમ્આ જે અફઝલ નમાઝ છે તેની સંપૂર્ણ કાળજી કરતા ન હતા એટલે તો ખુત્બા દરમ્યાન આવ્યા અને શરૂમાં ન આવ્યા. બીજુ કારણ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે આ'લા હઝરતની બારગાહમાં જ્યારે હાજરી આપી ત્યારે નાબાલિગ બાળક ન હતા બલ્કે જવાન હતા અને જવાન માણસને ગોદમાં ઉઠાવી લેવું કેવી હાસ્યાસ્પદ વાત છે !! ત્રીજુ કારણ એ કે ઈમામનું ખુત્બો છોડી બીજા કામ માટે મસ્જિદથી બહાર જવું નામુનાસિબ કાર્ય છે કારણ કે ખુત્બો એક ઈબાદત છે અને સાંભળનારનું ધ્યાન ખુત્બા તરફ હોવું શરઈ જરૂરતમાંથી છે. જો ઈમામ બહાર ચાલ્યો જાય તો સાંભળનારાઓનું ધ્યાન ઈબાદતથી હટીને ગૈર જરૂરી કામ તરફ થઈ જશે. એટલે આવા કાર્યોનું આ'લા હઝરતની ઝાતથી જાહેર થવું કઈ રીતે માનવામાં આવે ? ચોથું કારણ એ કે આ'લા હઝરતથી સવાલ કરવામાં આવ્યો કે ખુત્બા વચ્ચે કોઈની તા'ઝીમ માટે મિમ્બરથી એક બે પગથિયાં ઉતરવું પછી ચઢી જવાં જાઈઝ છે કે નહીં ? આપે ફર્માવ્યું :–

**قی رد المختار قال ابن حجر فی التحفة و بحث**
**بعضهم ان ما اعتید الان من النزول فی الخطبة**
**الثانیة الی درجة سفلی ثم العود بدعة قبیحة شنیعة**

અને જો ખરેખર શરઈ મસ્લેહતથી ખાલી છે તો આ કાર્ય બેકાર છે અને બેકારનો દરજો મકરૂહ છે. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ભાગ–૮, પેજ–૩૪૨)*

આથી સારી રીતે માલૂમ થયું કે શરીઅતની મસ્લેહત વગર એક કે બે પગથિયાં નીચે આવવું નાપસંદ બિદઅત છે, તો





પછી મસ્જિદથી બહાર જવું આવવુ કેવી રીતે દુરુસ્ત બની શકે છે ? બેશક ! આ કાર્ય મકરૂહ છે અને આવાં કાર્યોનું આ'લા હઝરતની ઝાતથી થવું ઘણી દૂરની વાત છે. એટલે આ રિવાયત બનાવટી છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૨૮)** ફકીહે આઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી علیه الرحمة والرضوان બરેલી શરીફ રોકાણ દરમ્યાન અમુક દિવસો માટે બરેલી શરીફથી બીજી જગ્યાએ ચાલ્યા ગયા. હુઝૂર મુફતીએ આ'ઝમના ઘરમાં આપના માટે ઘણી બેચૈની થઈ. થોડા દિવસો પછી આપ પાછા આવ્યા તો હુઝૂર મુફતીએ આ'ઝમે પોતાની અહલિયા (બીવી)થી ફર્માવ્યું, ''આ લો ! તમારા મુફતી સાહબ આવી ગયા !''

### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ગેરમુનાસિબ છે કારણ કે મુફતી સાહબની મકબૂલિયતનો તઅલ્લુક પુરૂષો સાથે હતો, પર્દાવાળી સ્ત્રીઓથી ન હતો. મખ્દૂમા પીરાની અમ્મા અને મુફતી સાહબ બંનેવ એક બીજા માટે ગેરમહરમ છે એટલે હુઝૂર મુફતીએ આ'ઝમે એવી કોઈ વાત કહી નથી જે શરીઅતની વિરૂધ્ધ હોય.

### ★ મનઘડત રિવાયત ★

**(૨૯)** કૈસ લૈલાના આશિકનું નામ હતુ પરંતુ એ મજનૂ ફી દુન્યા છે મજનૂ ફીલ આખેરત ન હતા એટલે એમને ઔલિયામાં શામિલ કરવામાં આવશે નહીં. એ ફાસિક બે નમાઝી હતો.... વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

બેશક ! હઝરત કૈ઼સ ઈબ્ને આમિર મજઝૂબ ફીલ આખેરત અને ઔલિયાની જમાઅતથી હતા. દુનિયાદારોએ ભાત ભાતની વાતોને એમના તરફ નિસ્બત કરી એમની ઝાત પર ખોટા ધબ્બા લગાડયા છે એટલે એમનો ઝિક્ર કરતી વખતે આ વાતનો ખાસ ખયાલ રાખવો જરૂરી છે. આ'લા હઝરત رضی اللہ عنہ એ એમને ઔલિયાની જમાઅતથી તસ્લીમ કર્યા છે એટલે ફર્માવે છે : સૈયદુના જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ان مجنون بنی عامر کان من احباء الله تعالیٰ ستر
شانه بجنونه بلیلی

બેશક ! મજનૂ ઈબ્ને આમિર ઔલિયામાંથી હતા. લૈલાના ઈશ્કે એમની શાનને પર્દો કર્યો હતો.

## ★ બનાવટી કિતાબ ★

**(૩૦)** એક કિતાબ જેનું નામ ''સોલા સૈયદો કી કહાની'' છે એમાં બાદશાહ, કઠિયારો અને વૃદ્ધ સ્ત્રીના વાક્યા છે આ લોકોએ પોતાનો મકસદ પૂરો થવા માટે સોલા સૈયદોના નામે રોઝા રાખ્યા તો એમનો મકસદ પૂરો થયો...વગેરે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ **કિતાબ બિલકુલ જૂઠી બનાવટી** છે અને **શીઆ લોકોની ઘડેલી** છે. ફકીહે આઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : આ શરૂથી અંત સુધી જૂઠી કહાની છે, એમાં થોડુ પણ સત્ય નથી. એને પઢવું, સાંભળવું જાઈઝ નથી. એમાં અમુક શબ્દો એવા છે જેનો જાહેરી





અર્થ **કુફ્ર** છે, દા.ત. સૈયદોના નામે નમાઝ, રોઝા. નમાઝ, રોઝા એવી ઈબાદતો છે જે અલ્લાહ તઆલાએ પોતાના સાથે ખાસ કરી છે, કોઈ મખ્લૂકના નામે રોઝા રાખવા, નમાઝ પઢવી કુફ્ર છે એટલે મુસલમાન મર્દ ઔરત આ કહાનીને હરગિઝ ન વાંચે, ન સાંભળે, ઘરમાં પણ ન રાખે.

## ★ મનઘડત રિવાયત ★

**(૩૧)** ''દસ બીબી કી કહાની'' પણ અવામમાં ચાલે છે જેને ખાસ કરી સ્ત્રીઓ પઢે છે.

## ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી કહાનીઓથી ભરપૂર છે. ફકીહે આ'ઝમ હઝરત મુફતી શરીફુલ હક્ક અમજદી ફર્માવે છે :–

''દસ બીબીની કહાની અને નૂર નામુ મનઘડત, બનાવટી, કિસ્સા અને જૂઠી કહાનીઓ છે, એનું વાંચવું, સાંભળવું જાઈઝ નથી. *(માહનામા અશ્રફિયા, ઈ.સ. નવે.–૨૦૦૦)*

## ★ બનાવટી કિતાબ ★

**(૩૨)** ''નૂરનામુ'' એક કિતાબ છે શાઈરીના રીતે ઉર્દૂ ઝબાનમાં લખાઈ પછી બીજી ભાષાઓમાં થઈ.

## ★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ જૂઠી રિવાયતોથી ભરપૂર છે. એના વાક્યાઓની કોઈ અસલ નથી. આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : નૂરનામા, એની રિવાયતો બે અસલ છે એનું વાંચવું પણ દુરૂસ્ત નથી, પછી સવાબની વાત તો ઘણી દૂરી રહી ! *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૩૫૩)*

★ બનાવટી કિતાબ ★

(૩૩) એક કિતાબ જેનું નામ "દાસ્તાને અમીર હમઝા" છે એમાં નૌશેરવાનની છોકરી મહર નિગારનો વાક્યો છે અને એમાં હઝરત અમીર હમઝા, હઝરત અમ્ર અને ઈબ્ને ઉમય્યા رضی اللہ عنہم ને મક્કાર, ચાલબાઝ, ધોકાબાઝ લખ્યું છે. આ કિતાબ ખાસી મોટી છે.

★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી છે. આ'લા હઝરત ફર્માવે છે :

આ કિતાબ બિલકુલ જૂઠી ગલત છે. આ કિતાબને વાંચવી, સાચી સમજવી શરઅન નાજાઈઝ તથા હરામ છે એટલે એનાથી બચવું લાઝિમ છે. *(અહકામે શરીઅત, ભાગ–૩, પેજ–૩૨૩)*

★ બનાવટી કિતાબ ★

(૩૪) "તોહફતુલ મુવહ્હિદીન" એક કિતાબ છે જે હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના નામથી પ્રકાશિત થઈ રહી છે.

★ સત્યનો નિર્દેશ ★

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

આ શાહ સાહબની કિતાબ નથી. થોડાક વખત પર કોઈ વહાબીએ હઝરત શાહ સાહબની લખેલ કિતાબોને ઉલ્ટુ સીધુ કરી વહાબીઓના જૂઠા નામ મુવહ્હિદ તરફ એને નિસ્બત આપીને તોહફતુલ મુવહ્હિદીન નામ રાખ્યું. અને બેઈમાનીથી હઝરત શાહ સાહબ તરફ નિસ્બત કરી આપી. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૨, પેજ–૩૯૯)*





★ બનાવટી કિતાબ ★

(૩૫) "અકાઈદે ઈમામ અહમદ ઈબ્ને હંમ્બલ رضی اللہ عنہ" આ કિતાબ અરબી ભાષામાં છે અને બોમ્બેથી પ્રસિદ્ધ થાય છે.

★ સત્યનો નિર્દેશ ★

આ કિતાબ પણ બનાવટી છે. હજારો વાતો ઈમામ અહમદ ઈબ્ને હંબલ તરફ મનસૂબ કરવામાં આવી છે. આ'લા હઝરત ફર્માવે છે, એમાં પણ આવી બેઈમાની છે, કોઈ એક પણ શૈતાની અકીદો છોડયો નથી જે ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ તરફ નિસ્બત કરવામાં આવ્યો ન હોય. *(ફતાવા રઝવિય્યહ, મુતરર્જિમ, ભાગ–૨૨, પેજ–૩૯૯)*

*[નં. ૧ થી ૩૫ નો હવાલો : ઉર્દૂ માસિક અશ્રફિયા (મુબારકપુર) સપ્ટેમ્બર–ઓક્ટોબર : ૨૦૦૫]*

★ મનઘડત રિવાયત ★

(૩૬) ગુજરાતના કચ્છમાં ઘણી જગ્યાએ વીસ વીસ, પચ્ચીસ પચ્ચીસ ફૂટ લાંબી કબરો જોવામાં આવે છે અને લોકો કહે છે કે આ સહાબીઓની કબરો છે, શું આ વાત સાચી છે ?

★ સત્યનો નિર્દેશ ★

કચ્છમાં રસૂલુલ્લાહ ﷺના કોઈ પણ સહાબી આવેલ નથી અને તેમની કોઈ મૈય્યત પણ દફન થયેલ નથી. એવું કહે છે કે સહાબીની કબર છે જે જહાલત છે. પણ કેટલીક વીસ પચ્ચીસ ફૂટ લાંબી કબરો અમુક વિસ્તારના કબ્રસ્તાનોમાં જોવામાં આવે છે ત્યાં અગાઉના સમયમાં લડાઈ તેમજ પ્લેગ અથવા કોલેરાની બીમારીઓના કારણે એક સાથે ઘણા

માણસોનાં મૃત્યુ થવાને કારણે એક મોટી કબ્રમાં એકી સાથે આઠ દસ મૈયતોને દફન કરી દેવામાં આવ્યાં હશે, જેથી અમુક કબરો લાંબી થઈ છે. (વલ્લાહુ અઅ્‌લમ)

**★ મનઘડત રિવાયત ★**

**(૩૭)** કહે છે કે હઝરત કાસિમ બિન હસન رضی اللہ عنہની શાદી કરબલાના જંગ વખતે કરબલામાં જ કરવામાં આવી હતી અને તે પણ હઝરત હુસૈન رضی اللہ عنہની દિકરી બીબી ફાતેમા કુબ્રા સાથે. આ વાત સાચી છે કે નહીં ? મોઅતબર કિતાબોમાં તેનો શું ઉલ્લેખ છે ?

**★ સત્યનો નિર્દેશ ★**

મોઅતબર કિતાબોથી જણાય છે કે ઈમામ કાસિમ رضی اللہ عنہની શાદી હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની દિકરી બીબી સકીના અથવા ફાતેમા કુબ્રા સાથે કરબલાના મેદાનમાં થઈ એ વાત ખોટી છે. કરબલામાં કોઈ નિકાહ કે શાદી થયેલ નથી.

**★ મનઘડત રિવાયત ★**

**(૩૮)** હઝરત ઈબ્રાહીમعلیہ السلامના બાપનું નામ આઝર હતું કે તારિખ અને તેઓ ઈમાન લાવ્યા હતા કે નહીં ? બદ્‌મઝહબો કહે છે કે હઝરત ઈબ્રાહીમના બાપ આઝર મુશ્રિક હતા. સત્ય શું છે ?

**★ સત્યનો નિર્દેશ ★**

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપનું નામ તારિખ હતું એવી ઉલ્માએ અહલે સુન્નતની તહકીક છે. અને તેમના બાપ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું બચપણ હતું તે વખતે ગુજરી ગયેલા જે મુવહ્‌હિદ (એક અલ્લાહમાં માનનાર) હતા, મુશ્રિક ન હતા.





આઝર હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકા હતા.

**★ મનઘડત રિવાયત ★**

**(૩૯)** હઝરત ઈદ્રીસ علیہ السلامની રૂહ હઝરત ઈઝરાઈલ علیہ السلامએ ખુદાની રજા સિવાય કબ્ઝ કરી હતી અને પછી તેઓ જન્નતની સહેલ કરવા ગયા અને પછી જન્નતથી બહાર આવ્યા નહીં. આ વાત કેટલી હદે સાચી છે ?

**★ સત્યનો નિર્દેશ ★**

હઝરત ઈદ્રીસ علیہ السلامની રૂહ હઝરત ઈઝરાઈલ علیہ السلامએ તેમના કહેવા પર અને ખુદાની રઝામંદીથી કબ્ઝ કરી હતી અને પછી જ્યારે બીજીવાર રૂહ નાખવામાં આવી અને જીવતા થયા અને પછી દોઝખની સેર કરી અને જોયું. પછી તેઓ જન્નતની સેર કરવા માટે ગયા અને ખુદાવંદે કરીમની મરજી અને ઈજાઝતથી જન્નતમાં ઝિંદા મુકીમ (સ્થાયી) થઈ ગયા. *(તફસીરે મવાહિબ, સૂરએ મરયમ, કસસુલ અંબિયા અરબી)*

**★ મનઘડત રિવાયત ★**

**(૪૦)** એ વાત મશ્હૂર છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદત બાદ તેમના ભાઈ મુહમ્મદ હનીફે કસમ ખાઈ મોટી લડાઈ કરી વિજય મેળવ્યો. ત્યાર બાદ તેઓ એક ગુફામાં ચાલ્યા ગયા અને તેઓ આજ સુધી હયાત છે, એ હકીકત સાચી કે નહીં ?

**★ સત્યનો નિર્દેશ ★**

એ વાત ઉપરથી મુહમ્મદ હનીફનું જંગનામું લખવામાં આવ્યું છે તેને ઉલ્માએ અહલે સુન્નત વલ જમાઅત **ગલત**

બતાવે છે. પ્રસિદ્ધ ઈતિહાસ દ્વારા માલૂમ પડે છે કે હઝરત મુહમ્મદ હનીફ رضي الله عنه એ ઈમામ હુસૈનના બદલા માટે યુદ્ધ કર્યું નથી પણ આપ મદીના મુનવ્વરામાં જીવન પસાર કરીને અવસાન પામ્યા અને મદીના મુનવ્વરાના મશહૂર કબ્રસ્તાનમાં દફન થયા છે અને આપની મઝાર શરીફ પણ ત્યાં છે. *(સીરતે ઈમામ હુસૈન, શહીદે આ'ઝમ, ઝિબ્હે અઝીમ, કરબલા કે બાદ)*

### ★ મનઘડત રિવાયત ★

**(૪૧)** એવું કહેવાય છે કે, હઝરત બીબી ફાતેમા رضي الله عنها ની રૂહ કબ્ઝ કરવા માટે જ્યારે મલકુલ મૌત આવ્યા તે પહેલાં જ આપની રૂહ નીકળી ચૂકી હતી. આ વાત સાચી છે કે નહીં ?

### ★ સત્યનો નિર્દેશ ★

આ વાત જાહિલોની બકવાસ છે. અહલે સુન્નત વલ જમાઅતના અકીદા પ્રમાણે એ વાત વિ□ાસપાત્ર નથી. જો કે હઝરત તૈયબહ વ તાહેરા ખાતૂને જન્નત હઝરત ફાતિમાઝહરા رضي الله عنها એ પોતાના ઈન્તેકાલથી પહેલાં રમઝાનની બીજી તારીખે આખેરતની સફરની તૈયારીમાં ઘરનાં જરૂરી કામ પૂરાં કરી દીધાં હતાં. નમાઝે ઈશા બાદ બધી તૈયારીઓ કરી ચૂક્યાં હતાં. કારણ કે ખ્વાબમાં હઝરત રસૂલે કરીમ ﷺ એ પોતાની મુલાકાતની બશારત આપી દીધી હતી. તેમ છતાં તેમની રૂહ મુબારક મલકુલ મૌતે જ કબ્ઝ કરી હતી. *(અજાઈબુલ કસસ તાહેરા ઈસ્ના અશરીયા)*

### ★ મનઘડત રિવાયત ★

**(૪૨)** હઝરત લુકમાન عليه السلام ની રૂહ જ્યારે કબ્ઝ કરવાનો





હુકમ થયો તો લુકમાને ઘણી સૂરતો બનાવડાવી હતી અને મલકુલ મૌતને ભૂલા પાડી દીધા હતા ! શું એ વાત ખરી છે ?

### ★ સત્યનો નિર્દેશ ★

કેટલીક કિતાબોમાં આ મનઘડત કિસ્સો લખેલો છે પણ એ ખરો નથી. વિ□ાસપાત્ર રિવાયત અથવા કોઈ તફસીર અથવા હદીષની કિતાબોથી એની કોઈ સાબિતી મળતી નથી. (વલ્લાહુ અઅ્લમુ બિસ્સવાબ)

### ★ મનઘડત રિવાયત ★

**(૪૩)** કહેવાય છે કે લાલ કાફિર છે જેને હઝરત અલી كرم الله وجهه الكريم એ તલવાર મારી છે. તે ઘાયલ થયો પછી તે મર્યો નહીં અને તે હજી પણ જીવે છે અને કયામત સુધી જીવતો રહેશે અને આજે પણ બૂમો પાડે છે. શું એ વાત સાચી છે ? જો આ વાત સાચી હોય તો કઈ કિતાબમાં છે ?

### ★ સત્યનો નિર્દેશ ★

લાલ કાફિરની વાત પાયા વગરની બલ્કે ખોટી છે અને બનાવટી છે. ઈતિહાસ અથવા સીરતની કિતાબો અથવા બીજે એની કોઈ સાબિતી નથી. (વલ્લાહુ અઅ્લમ)

### ★ મનઘડત રિવાયત ★

**(૪૪)** કેટલીક કિતાબોમાં એવું લખેલ હોય છે કે હઝરત ઈમામ હસન બિન અલી رضي الله عنه ને ઝહેર આપનાર તેમની જ બીવી જોઅદા છે. શું આ હકીકત સાચી છે કે કેમ ?

### ★ સત્યનો નિર્દેશ ★

કેટલીક કિતાબોમાં તમારા સવાલમાં જે હકીકત લખેલ છે

તે મુજબ લખેલું છે. પણ ઉલ્માએ અહલે સુન્નતની તેહકીક એ છે કે બીવી જોઅદા પર હઝરત ઈમામ હસનને ઝહેર આપવાનો ઈલ્ઝામ છે તે ખારજીઓનો છે, મોઅતબર સનદથી સાબિત નથી. હઝરત ઈમામ હુસૈનને છેવટ સુધી ખબર પડી નહીં કે ઈમામ હસનને ઝહેર આપનાર કોણ છે. ઉપરાંત બીબી જોઅદાને કતલની કે અન્ય કોઈ સજા પણ થઈ નથી જેથી મઝકૂર બિના ગલત છે. *(સવાનેહે કરબલા)*

**★ મનઘડત રિવાયત ★**

**(૪૫)** કહેવાય છે કે ઘણા વલીઅલ્લાહના મઝાર પર પગે ચાલીને જવાથી ચોથાઈ હજ્જનો સવાબ મળે છે અને એવા વલીઅલ્લાહનો મઝાર આપણા વતન કચ્છમાં પણ છે કે કેમ ?

**★ સત્યનો નિર્દેશ ★**

વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે અદબ, માન માટે **તંદુરસ્ત મર્દ જો પગે ચાલીને જાય અને તેથી તેની નમાઝો કઝા ન થાય [સાથે મહરમ વિનાની નામહરમ ઔરતો ન હોય તથા તેણીઓ બેપર્દા ન હોય. કેમ કે એવાંય ટોળાં ચાલતાં જતાં જોવા મળે છે.**-*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*] **અને ખિલાફે શરઅ (શરીઅત વિરુદ્ધની) કોઈ હરકત અને કામ ન થાય તો અદબને કારણે સવાબ છે.** પણ ચોથાઈ હજ્જનો સવાબ એ બિલ્કુલ જહાલત (અજ્ઞાનતા) અને ખોટી વાત છે. શરીઅતમાં એની સાબિતી ક્યાંય પણ નથી.

જો કોઈ મુસલમાન મોઅતકિદ કોઈ વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે જાય અને **તેને કોઈ મુશ્કેલી ન**





**પડે અને કોઈ ફર્ઝ અદા કરવામાં ચૂક ન થાય** તો અલ્લાહના વલીઓની ઝિયારત માટે પગે ચાલીને જવાની મનાઈ નથી. **છતાં સવારીની સગવડ હોવા છતાં આવી માનતા માનવી યોગ્ય નથી.** કા'બાતુલ્લાહના હજ્જ માટે અથવા ઉમરા માટે પગે ચાલીને જવાની અનેક વિગતો બેશક ! કિતાબોમાં છે, પણ કોઈ માણસ પગે ચાલી ન શક્તો હોય અને કાર (મોટર)માં જઈ શક્તો હોય તો કા'બાતુલ્લાહની ઝિયારત માટે પણ પગે ચાલીને જવાની મનાઈ છે, નહીંતર જાઈઝ છે.

હજ્જતુલ વિદાઅના પ્રસંગે હુઝૂર ﷺએ જોયું કે એક માણસ બે માણસોના ટેકાથી પગ ઘસડતો ઘસડતો કા'બાતુલ્લાહના હજ્જ માટે જઈ રહ્યો હતો. હુઝૂરે પૂછયું કે, તે આ રીતે કેમ જઈ રહ્યો છે ? તો જવાબ મળ્યો કે, તેણે આ રીતે માનતા માની છે. આપે ફર્માવ્યું કે, એને કહો કે સવાર થઈને જાય. અલ્લાહને આવી માનતાની જરૂર નથી. *(સહીહ બુખારી શરીફ, કિતાબુલ હજ્જ)*

[**પ્રકાશકની નોંધ :** વળી મર્દો સાથે જુવાન જુવાન ઔરતો આ રીતે પીર ભડીયાદ પગપાળા જાય છે, અને વિ□ાસુ વ્યક્તિઓ થકી સાંભળ્યું છે કે ખરાબ કૃત્યો પણ માર્ગમાં થતાં હોય છે તો આ બધું સવાબ નહીં અઝાબ માટે છે ! એને બંધ કરવું જોઈએ. માં બાપે પોતાની જુવાન વહુ દીકરીઓને આ રીતે જવા દેવી ન જોઈએ. ઘરે બેસીને ઈબાદત કરે અને બુઝુર્ગોને સવાબ પહોંચાડે એ શ્રેષ્ઠ માર્ગ છે. વળી પગે ચાલીને જવા માટે કેટલાક તો ખર્ચ ન હોવાથી ભીખની જેમ પૈસા ઉઘરાવીને જાય છે ! તો એ ક્યાંથી જાઈઝ થશે ?!]

### ★ મનઘડત રિવાયત ★

**(૪૬)** જ્યાં કોઈ કબર નથી અને ફકત વલી અલ્લાહનો આસ્તાનો છે તો મઝકૂર આસ્તાના ઉપર તે વલી અલ્લાહને ફાતેહા પઢવી, ત્યાં નઝરો ન્યાઝ કરવી, ત્યાં મજલિસ કરવી આ બધું જાઈઝ છે કે કેમ ? દા. ત. ગામે ગામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہના ઓટલા જોવામાં આવે છે આ ઓટલા ઉપર નઝરો ન્યાઝ ચઢાવવી કેમ છે ?

### ★ સત્યનો નિર્દેશ ★

જ્યાં કોઈ વલી કે મો'મિનની કબર નથી અને તેની મૈયત પણ ત્યાં દફન થયેલ નથી તો ત્યાં **તેની મૈયત સમજી**ને ફાતેહા પઢવું જાઈઝ નથી. ગામે ગામ ઈમામ હુસૈનના ઓટલા બનાવી ત્યાં નઝર ન્યાઝ ચઢાવવી આ દીનમાં એક ફિત્નો છે. હા, કોઈ સાફ જગ્યા નક્કી કરેલ હોય ત્યાં તિલાવત કરવી, નફ્લ પઢવા, ઈસાલે સવાબની મજલિસ કરવી તે જાઈઝ છે, તે મનાઈ નથી.

### ★ મનઘડત રિવાયત ★

**(૪૭)** ઘણે ઠેકાણે એવું જોવું મળે છે કે, મોહર્રમ મહિનાની ૧૦મી તારીખ પછી ઈમામે આલી મકામ હઝરત હુસૈન رضی اللہ عنہનું માતમ એક અનોખી રીતથી મનાવવામાં આવે છે. માતમ એવી રીતે થાય છે કે આગ સળગાવવામાં આવે છે જે લાકડાં સળગીને અંગારા બની જાય છે ત્યારે તેના પર ખુલ્લા પગે યા હુસૈનનો નારો લગાડીને લોકો ચાલે છે. આ રીતે માતમ કરવો અહલે સુન્નત વ જમાઅત માટે શો હુકમ છે ? જાઈઝ છે કે નહીં ?!





### ★ સત્યનો નિર્દેશ ★

આપે સવાલમાં માતમની વિગતો આપી છે તે જાહિલોએ કાઢેલી ખુરાફાત (અજ્ઞાનીઓએ બનાવી રાખેલી વાતો) અને ખિલાફે શરઅ (શરીઅત વિરૂદ્ધ) એક બેકાર હરકત છે અને એ શહીદે કરબલા ઈમામે આલી મકામ હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہما ના પ્રત્યે મહોબ્બતના નામ પર જે માતમ દેખાડે છે તે મહોબ્બતની સાબિતી નથી. **અહલે સુન્નતના મત પ્રમાણે દરેક પ્રકારનો માતમ નાજાઈઝ, હરામ અને ગેર શરઈ (શરીઅતે મનાઈ ફર્માવેલ) છે તેથી તેનાથી બચવું જોઈએ.**

હઝરત ઈમામ હુસૈન અને બીજા કરબલાના શહીદો અને અહલે બયતે અતહારની મહોબ્બતમાં ઈસાલે સવાબ માટે નવાફિલ, રોઝા, સદકા, ભોજન ખવડાવવું જોઈએ, ખતમે કુર્આન, ગરીબો મિસ્કીનોની મદદ કરવી એ બધાં સારાં કામો છે એમ કરીને સવાબ પહોંચાડે. આ છે આપણા અહલે સુન્નત વ જમાઅતના આલિમોનો ફૈસલો અને શરઈ જવાબ. *(બહારે શરીઅત)*

### ★ મનઘડત રિવાયત ★

**(૪૮)** મોહર્રમ મહિનાની દસમી તારીખે મુસલમાનો તલવારબાઝી ખેલે છે જેને કચ્છી ભાષા (ઝબાન)માં ચક્કર કહે છે. મઝકૂર ચક્કર કરતાં કોઈ મુસલમાન તલવારથી ઝખ્મી થઈ જાય અને મરી જાય તો તે શહીદ ગણાશે કે નહીં ?

### ★ સત્યનો નિર્દેશ ★

તલવારબાઝી કે ચક્કર જે એક કસરત અને પ્રેક્ટીસ છે જે

નેક નિય્યતથી મુસલમાન કરે તો મુબાહ છે. મોહર્રમની દસમી તારીખે તલવારબાઝી કે ચક્કર કરવી એ એક દીનમાં વ્યાપેલી ખુરાફાત અને **બિદઅત** છે જેનાથી બચવું જોઈએ. અને જો કોઈ તે તલવારબાઝીથી ઝખ્મી થઈ મરી જાય તો હરગિઝ શહીદ નહીં કહેવાય. તેને શહીદ માનવું તે અણસમજ અને જહાલત (અજ્ઞાનતા) છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૪૯)** એ વાત મશ્હૂર રીતે સાંભળવામાં આવે છે કે હઝરત અલી كرم الله وجهه الكريم ની વફાત થઈ અને આપના જનાઝાને ઊંટ ઉપર રાખી રવાના કરી દેવામાં આવ્યું અને એથી આપની કબર શરીફ બનાવવામાં આવેલ નથી. શું આ વાત સાચી છે કે કેમ ?

### ★ સત્યનો નિર્દેશ ★

મઝકૂર વાત બિલકુલ ખોટી, બનાવટી તેમજ ઉપજાવી કાઢેલ છે. અહલે સુન્નત વ જમાઅત આ વાતને હરગિઝ માન્ય રાખતા નથી. હઝરત અલી كرم الله وجهه الكريم ની કબર મુબારક કૂફાની પાસે નજફ શરીફમાં છે જે મશ્હૂર ઝિયારતગાહે ખલાઈક છે. *(સીરતે સહાબા)*

### ★ મનઘડત રિવાયત ★

**(૫૦)** કહે છે કે હઝરત ફાતિમા ઝોહરા رضي الله عنها ની કબર શરીફ ક્યાં છે તેની ખબર આજ દિન સુધી કોઈને નથી, કારણ કે તેમણે હઝરત અલી كرم الله وجهه الكريم ને ભલામણ કરેલ છે કે મારી કબરનું નિશાન કોઈને આપશો નહીં. શું આ વાત ખરી છે કે કેમ ?





### ★ સત્યનો નિર્દેશ ★

ખાતૂને જન્નત હઝરત ફાતેમા رضي الله عنها ની કબર શરીફ મશ્હૂર કબ્રસ્તાન જન્નતુલ બકીઅ મદીના મુનવ્વરામાં મૌજૂદ અને મશ્હૂર છે. નજદી હુકૂમત પહેલાં તો આ કબ્ર મુબારક ઉપર એક રોઝો અને એક ગુંબદ હતો. માટે હઝરત અલી كرم الله وجهه الكريم ને ભલામણ કરેલ કે મારી કબરની કોઈને જાણ ન થાય **એ વાત તદ્દન ખોટી છે.** કબર મુબારક આજે પણ મૌજૂદ અને રોશન છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૫૧)** કહે છે કે હઝરત મુઆવિયા رضي الله عنه ને ગુપ્ત અંગ (ભાગ)માં વીંછીએ ડંખ માર્યો અને ઝહેર ઉતરતું ન હતું એટલે કોઈ હકીમોએ સલાહ આપી કે તમો નિકાહ કરી લ્યો. એટલે આપે સાઈઠ વરસની એક કનીઝ સ્ત્રી સાથે નિકાહ કર્યો અને તેણી સાથે સંભોગ કર્યો અને ઝહેર ઉતરી ગયું. અને સંભોગથી હમલ રહ્યો તે પુત્ર યઝીદ પૈદા થયો. આ હકીકત કેટલી સાચી છે ?

### ★ સત્યનો નિર્દેશ ★

આ વાત બિલકુલ બેહૂદા અને પાયા વિનાની વાત અને ખુરાફત છે જે લોકોએ બનાવી મૂકી છે અને લખી માર્યું છે. માટે ઉપર મઝકૂર પૂછેલ હકીકત તદ્દન ગલત, મનઘડત અને બનાવટી છે.

### ★ મનઘડત રિવાયત ★

**(૫૨)** એક ભાઈ કહે છે કે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ

મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ હમેશાં કવ્વાલીઓ સાંભળતા હતા અને તેમને કવ્વાલી સાંભળવાનો બહુ જ શોખ હતો. આજે પણ તેમની મઝાર શરીફ ઉપર કવ્વાલીઓના મોટા જલ્સા કરવામાં આવે છે અને આ વાત તેમને ખૂબ પસંદ છે. શું આ વાત ખરી છે ?!

**★ સત્યનો નિર્દેશ ★**

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ પોતાની જેટલી કિતાબો લખેલ છે તેમાં કોઈમાં પણ આપે લખ્યું નથી કે વાજિંત્રો વગાડી તેના ઉપર ગાવું જાઈઝ છે. હઝરત ખ્વાજા સાહબ બઝમે સિમાઅમાં સામેલ થતા હતા અને તે એ કે ઈશ્કે ઈલાહી, દીને પાકની કુવ્વત વ તકવિયતની ગઝલો કોઈ અલ્લાહનો વલી, એહલે દિલ, શરઅનો પાબંદ દિલના દર્દથી પઢતો હતો તેવી બઝમે સિમાઅમાં સામેલ થતા અને તે મેહફિલમાં બેસનારા બધા જ એહલે ઈશ્ક, એહલે દિલ ઈશ્કે ઈલાહીની ધૂનમાં ગરક અને લીન હોય તેવી બઝમે સિમાઅની મેહફિલમાં સામેલ થતા. જેને સૂફીયાએ કિરામનો એક તબકો જાઈઝ લખે છે. આવી મેહફિલમાં એક પણ દાઢી મૂંડો, ફાસિક, કોઈ ગુનાહ કરનારો જો દાખલ થાય તો બઝમે સિમાઅની મેહફિલ બધા ઉપર નાજાઈઝ થઈ જાય છે તેવું કિતાબોમાં જોવા મળે છે.

બાકી હાલમાં જે કવ્વાલો મઝાર શરીફ ઉપર (ઢોલક તથા વાજિંત્રો સાથે) કવ્વાલીઓ ગાય છે, તો તેના માટે કવ્વાલો અને મુજાવરો જવાબદાર છે, ખ્વાજા સાહબની તે ભલામણ નથી, અને ખ્વાજા સાહબને પસંદ છે તેની દલીલ પણ મળતી નથી. કારણ કે ખ્વાજા સાહબની દરગાહ ઉપર જે નાયિકાઓ,





નટીઓ, તવાયફો પણ ગાય છે, ફકીરોનું એક જૂથ ગાંજો પણ પીએ છે તેથી ખ્વાજા સાહબને આ વાત પસંદ છે તેવી દલીલ થઈ શકતી નથી. *(ફતાવા રઝવિય્યા, જિલ્દ–૧૦, મલ્ફૂઝ કામિલ)*

[હવાલો : રિવાયત **૩૬** થી **પર** સુધી કિતાબ **"ફતાવાએ કાદરિયા"** અઝ : **મુફતી સૈયદ અહમદશા બુખારી,** માંડવી–કચ્છ, પ્રકાશક : હુસૈની કમિટી (સુન્ની) મોરબી, માંથી સાભાર લીધેલ છે.]

**وصلی اللہ تعالیٰ علیٰ سیّدنا محمدٍ وآلہٖ وصحبہٖ اجمعین۔**

## અણમોલ કિતાબ મંગાવો !

**મહાન આલિમે દીન હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી રઝવી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ **ની અજોડ કૃતિ**

**★ કાનૂને શરીઅત ★**

***ભાગ–૧, પેજીસ–૩૧૩, કિંમત : રૂા. ૫૦/–***

***(ટપાલ ખર્ચ : રૂા. ૫/–)***

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી

**★ કાનૂને શરીઅત ★**

***ભાગ–૨, પેજીસ –૪૨૪, કિંમત : રૂા. ૬૦/–***

***(ટપાલ ખર્ચ, રૂા. ૬/–)***

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

**★ પ્રકાશક ★**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન–૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧